જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૧/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૫/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૯૪ લીટર દેશી દારૂ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૬/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૫૭/૧૭**

**વસ્ત્રાપુર** : મુંતજાત ઈન્ડીયા પ્રા.લી. કંપની (કેપીટલ બિલ્ડીંગ બ્રાન્દ્ર કુર્લા કોમ્પલેક્ષ મુબઈ) ખાતેની ઓફિસમાં મેનેજર તરીકે ફરજ બજાવતાં રાજેશભાઇ દામોદર વૈદ્ય (ઉ.વ.૪૯) (રહે,સાંઇ શક્તિ, સાંઇબાબા કોમ્પ્લેક્ષ, મોહન ગોખલે રોડ, ગોરેગાંવ પુર્વ, મુંબઈ) એ તા.૮/૧/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૨૦૧૫ થી જુન/૨૦૧૬ તથા આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) ભરતભાઇ શાહ (૨) ફેનીલ શાહ (રહે.મોન્ડીલ બિઝનેશ પાર્ક, ગુરૂદ્વારાની બાજુમાં, થલતેજ) (જેઓ એસ.જી. હાઇવે રોડ, અમદાવાદ ખાતે આવેલ ૧.અરડોર ગ્લોબલ પ્રા.લી. ૨. અરડોર ઇન્ટરનેશનલ અને ૩. કેમ-એજ ઇન્ટરનેશનલ કંપની એમ કુલ ત્રણ કંપનીઓના માલીક છે.) તેમજ અન્ય સાગરીતોએ ભેગામળી રાજેશભાઇ જે કંપનીમાં નોકરી કરે છે તે કંપની પાસેથી લીનીયર અલકાઈલ બેનઝીન નામનાં સાબુ બનાવવાનાં કેમીકલની ખરીદી કર્યા બાદ, બીલના નાણાં ચુકવવાનો વિશ્વાસ ભરોસો આપી, તા.૩૦/૧૦/૧૫ સુધીમાં આરોપીઓએ ૮૩૧૯૪૮૧.૯૪ યુ.એસ.ડોલર તથા આરડોલ ઈન્ટરનેશનલ નામે ૬૭૨૬૨૭૨.૨૯ યુ.એસ.ડોલર તથા કેમ-એજ ઈન્ટરનેશનલ કંપનીના નામે ૧૨૯૫૯૯૯.૯૦ યુ.એસ.એ.ડોલર મળી કુલ ૨૮૦૭૭૯૫૪.૧૩ યુ.એસ.ડોલર નો માલ શાખ પર મેળવી જે માલના ભારતીય ચલણ મુજબનાં નાણાં રૂપિયા ૧૮૮ કરોડ કંપનીને નહીં ચુકવી, કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જે.સરવૈયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નવરંગપુરા** : દિપેનભાઇ સુરેશભાઇ કેવલાની (ઉ.વ.૨૫)(રહે,વૈકુંઠ વિહાર સોસાયટી, ગેલેક્ષી સીનેમા પાસે નરોડા) એ તા.૮/૧/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૨/૧૬ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ સ્વસ્તીક ચાર રસ્તા પાસે આવેલ સીટી સેન્ટરમાં પહેલા માળે દુકાન નંબર ૨૦ માં આવેલ દિપેનભાઇની સંગીતા એન્ટરપ્રાઇઝ નામથી ઇલેકટ્રોનિકસની દુકાનમાંથી આરોપી હેતલકુમાર ભટ્ટી (રહે,વરદાન ટાવરની સામે પ્રગતીનગર નારણપુરા) એ એ.સી.નંગ-૧૫ તથા ટી.વી.નંગ- ૦૨ મળી કુલ કિંમત રૂપિયા ૭,૦૪,૫૦૦/- મતાની ખરીદી કરી, તેની ચુકવણી પેટે આપેલ ચેકો ખાતામાં પૈસા ન હોવાથી પરત થતાં, આજદીન સુધી પૈસાની ઉઘરાણી કરવા છતાં પૈસા નહીં ચુકવી, દિપેનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.બોડાત ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૫૮/૧૭**

**આનંદનગર** : રૂપાબેન નિલેશભાઇ દંતાણી (રહે,હેરીટેજ સ્કાય, HDFC બેંકના ખાંચામાં, આનંદનગર) એ તા.૮/૧/૧૭ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાનાં મકાનનાં મુખ્ય દરવાજાનું લોક તોડી, કોઇ અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાં મુકેલા રોકડા રૂપીયા ૪૦,૦૦૦/- અને બે પરફ્યુમ કિંમત રૂપિયા ૨,૦૦૦/- મતાના તેમજ રૂપાબહેનનાં ઉપરના ફ્લોર પર રહેતા દિનેશભાઇ માનુજા નાઓનાં મકાનનું પણ લોક તોડી, મકાનમાંથી રોકડા રૂપિયા ૧,૨૦૦/- તથા બે ચાંદિના સિક્કા કિંમત રૂપિયા ૧૦૦૦/- મળી બંને ઘરમાંથી કુલ ૪૪,૨૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૫૯/૧૭**

**ઇસનપુર** : શીલાબહેન ડો/ઓ દેસાઈભાઇ પટેલ (ઉ.વ.૬૫)(રહે, ૫/એ ન્યુ અંબીકાનગર, વિરાટનગરની પાછળ ઇસનપુર) એ તા.૮/૧/૧૭ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને મે/૨૦૧૬ માસમાં પોતાનાં ઘરમાં પોતાની સાથે રહેતો આરોપી એરોન દેસાઈભાઇ પટેલ (રહે, ન્યુ અંબિકાનગર, વિરાટનગરની પાછળ ઇસનપુર) તથા તેનાં સાગરીતોએ ભેગામળી શીલાબહેનનાં મકાનમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૧૩,૦૦૦/- અને બીજા કિંમત રૂપિયા ૭૩,૦૦૦/- મતાનાં તેમજ ચેકમાં ખોટી સહીયો કરી બેંકમાંથી ઉપાડેલ રોકડ રૂપીયા ૯૮,૦૦૦/- મળી કુલ રૂપીયા ૨,૮૪,૦૦૦/- મતાની ચોરી કરેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.વૈષ્યક ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)